30 મેથી તોફાની વરસાદનું યલો એલર્ટ

3 જૂનથી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં ઓરેન્જ એલર્ટ

અમદાવાદ : ગુજરાતમાં એક તરફ આકરા તાપમાન અને ઉકળાટથી લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે ત્યારે બીજી તરફ હવામાન વિભાગે આગામી દિવસોમાં રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. 30 મેથી 3 જૂન દરમિયાન ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના અનેક જિલ્લાઓમાં વરસાદનું યલો અને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે.બીજી તરફ આજે અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં કાળઝાળ 44 ડિગ્રી ગરમીથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા. સાંજના સાત વાગ્યા સુધી આ બન્ને શહેરોમાં લૂની અસર જોવા મળી હતી.

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ અને દીવ-દમણ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં કોઈ ખાસ ફેરફાર નોંધાયો નથી. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.આગામી 24 કલાક દરમિયાન તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય, પરંતુ ત્યારબાદ તાપમાનમાં 3 થી 5 ડિગ્રીનો ઘટાડો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જોકે આગામી ત્રણ દિવસ સુધી રાજ્યના કેટલાક વિસ્તારોમાં 40 ડિગ્રીથી વધુ તાપમાન યથાવત રહી શકે છે.

આ તારીખે આ જિલ્લાઓમાં એલર્ટ

30 મે : બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, મહીસાગર, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી અને કચ્છ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

31 મે : અરવલ્લી, દાહોદ અને મહીસાગર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ વિસ્તારોમાં ગાજવીજ સાથે ભારે વરસાદ પડી શકે છે. જ્યારે બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, ડાંગ, તાપી અને કચ્છ જિલ્લામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

1 જૂન : દાહોદ, મહીસાગર અને છોટાઉદેપુર જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ સહિત ઉત્તર અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ સાથે ગાજવીજ અને વરસાદની આગાહી કરવામાં આવી છે. સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવ વિસ્તારમાં પણ વરસાદી માહોલ સર્જાઈ શકે છે.

2 અને 3 જૂન : સમગ્ર ગુજરાત ક્ષેત્ર તેમજ સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને છોટાઉદેપુર, નર્મદા અને તાપી જિલ્લામાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં કાળઝાળ 44 ડિગ્રી ગરમી

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર આજે રાજ્યના અનેક શહેરોમાં ભારે ગરમી નોંધાઈ હતી. સુરેન્દ્રનગર અને અમદાવાદમાં 44 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. રાજકોટ અને ગાંધીનગરમાં 43 ડિગ્રી, અમરેલી, ભાવનગર અને ડીસામાં 42 ડિગ્રી, વડોદરા અને વલ્લભ વિદ્યાનગરમાં 41 ડિગ્રી જ્યારે કંડલા એરપોર્ટ પર 41 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. ભૂજમાં 39 ડિગ્રી, કંડલા પોર્ટ પર 37 ડિગ્રી, કેશોદમાં 37 ડિગ્રી, સુરત અને દમણમાં 36 ડિગ્રી તેમજ નલિયા, પોરબંદર અને મહુવામાં 35 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.અમદાવાદ અને આસપાસના વિસ્તારો માટે આવતીકાલે 29 મે સુધી મુખ્યત્વે ખુલ્લું આકાશ રહેવાની શક્યતા છે અને મહત્તમ તાપમાન 43 ડિગ્રી આસપાસ રહેવાની આગાહી કરવામાં આવી છે.

હવામાન વિભાગે જણાવ્યું છે કે અરબી સમુદ્ર અને બંગાળની ખાડીમાં અનુકૂળ પરિસ્થિતિ સર્જાતા દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગામી બે થી ત્રણ દિવસમાં વધુ વિસ્તારોમાં આગળ વધે તેવી શક્યતા છે. ઉત્તર પાકિસ્તાન અને આસપાસના વિસ્તારોમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે જ્યારે ગુજરાત વિસ્તારમાં નીચલા સ્તરે દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે.

28 મેના રોજ અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ અને સુરેન્દ્રનગર સહિતના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગે 30 મેથી 3 જૂન દરમિયાન ગાજવીજ, વીજળીના કડાકા અને 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

ઇતરડી નાબૂદ કરવા ગીરના સિંહોનું ડિ-ટિકિંગ શરૂ કરાયું

PMO સિંહોનાં મોતની ઘટના બાદ સીધી નજર રાખી રહ્યું છે

ગાંધીનગર : ગીર સેન્ચુરીની બહારના વિસ્તારોમાં સિંહોના ચાર મોતના અહેવાલો સામે આવ્યા બાદ વન વિભાગ તાત્કાલિક હરકતમાં આવી ગયું છે. આજે સાંજે રાજ્યના વન મંત્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લાના કોડિનાર (ગઢડા) અને અમરેલી જિલ્લાના બાબરા તેમજ આસપાસના ૧૦ કિલોમીટરના વિસ્તારમાં સિંહોના મોતના સમાચાર મળતા જ વન વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરી દીધી છે.

સિંહોના મોતના સાચા કારણો જાણી શકાય તે માટે મૃત્યુ પામેલા સિંહોના સેમ્પલ લઈને ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત બાયોટેકનોલોજીકલ રિસર્ચ સેન્ટર (GBRC) માં પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. રિપોર્ટ આવ્યા બાદ જ સિંહોના મોતના ચોક્કસ અને સાચા કારણો જાણી શકાશે. આ ગંભીર બાબત પર પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) તરફથી પણ સતત માર્ગદર્શન મળી રહ્યું છે. આ ઉપરાંત, ગઈકાલે જ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ઉચ્ચ અધિકારીઓની એક તાકીદની બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં તેમણે સમગ્ર પરિસ્થિતિની સમીક્ષા કરી જરૂરી સૂચનો આપ્યા છે. તેમ મોઢવાડિયાએ કહ્યું હતું.

સિંહોને આઇસોલેશનમાં મુકાયા

વન મંત્રીએ કહ્યું હતું કે 'ઇતરડી' (Ticks) નામની જીવાતથી ફેલાતા 'બેબેસિયા' (Babesia) વાયરસનું સંક્રમણ અન્ય સિંહોમાં ન ફેલાય તે માટે અસરગ્રસ્ત ૧૦ કિલોમીટરના વિસ્તારમાં રહેલા સિંહોને આઇસોલેટ (અલગ) કરી દેવામાં આવ્યા છે. જૂનાગઢ વેટરનરી કોલેજના તબીબો, વન વિભાગનો ફ્રન્ટલાઈન સ્ટાફ અને વરિષ્ઠ અધિકારીઓ સંયુક્ત રીતે સ્થિતિ પર કાબૂ મેળવવા પ્રયત્નશીલ છે. ઉનાળાની ઋતુમાં સિંહોની રોગપ્રતિકારક શક્તિ નબળી ન પડે તે માટે પણ ખાસ તબીબી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વન વિભાગ અને સ્થાનિક તંત્રના સહયોગથી ટૂંક સમયમાં આ સંકટમાંથી બહાર આવી જવાશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

સંભવિત 'બેબેસિયા' વાયરસ સામે પગલાં

વનમંત્રીએ કહ્યું હતું કે, પ્રાથમિક લક્ષણોને આધારે જરૂરી તમામ ટ્રીટમેન્ટ અને અગમચેતીના પગલાં લેવામાં આવી રહ્યા છે. સામાન્ય રીતે પશુઓમાં જોવા મળતી 'ઇતરડી' (Ticks) નામની જીવાતથી ફેલાતા 'બેબેસિયા' (Babesia) વાયરસને કારણે આ સ્થિતિ સર્જાઈ હોવાની સંભાવના છે. આથી વન વિભાગ દ્વારા ગીર સેન્ચુરી અને તેની બહારના પ્રદેશોમાં ઇતરડી નાબૂદ કરવા માટે 'ડી-ટિકિંગ' (De-ticking) ની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

ચાર સિંહ બાળનાં મોત, 17 સિંહને આઈસોલેટ કરાયા

વન અને પર્યાવરણ વિભાગના અગ્ર સચિવ ડો. વિનોદ રાવે બેઠકમાં જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ચાર સિંહ બાળના મૃત્યુ જુદા જુદા વિસ્તારોમાં થયા છે. અસરગ્રસ્ત વિસ્તારોના કુલ 17 જેટલા સિંહોને આઇસોલેટ કરીને તેમની વિશેષ કાળજી લેવામાં આવી રહી છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગીર ગઢડા અને બાબરીયા વિસ્તારના 10 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા તમામ સિંહોનું સઘન મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. હાલ સુધી અન્ય કોઈ ગંભીર બીમારીના લક્ષણો નોંધાયા નથી.

વાલિયામાં જમીન ખેડવાના વિવાદમાં ઝપાઝપી, પોલીસ ટીમ પર પથ્થરમારો

સિંગલવાણમાં જમીન લેવલિંગના કામ બાબતે જમીનમાલિક અને 150થી વધુ ગ્રામજનો સામસામે

જમીનમાલિકની ગાડી પર પથ્થરમારો કર્યો અને મોબાઈલ છીનવી લીધો

ભરૂચ: વાલિયાના સિંગલવાણ ગામે જમીન ખેડવાના મામલે જમીનમાલિક અને ગ્રામજનો વચ્ચે ઉગ્ર મારામારી થઈ હતી. આ ઘટનાની જાણ થતાં ઘટના સ્થળે પહોંચેલી પોલીસ ટીમ ઉપર પણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી.

સિંગલવાણ ગામમાં જમીનમાલિક પ્રફુલ ભગવાનભાઈ કાથરોટીયા તેમની જમીનમાં લેવલિંગનું કામ કરાવી રહ્યા હતા. સાંજના સમયે કામ પતાવી તેઓ ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે પ્રાથમિક શાળા નજીક આશરે 150 જેટલા પુરુષો અને સ્ત્રીઓના ટોળાએ તેમને અટકાવ્યા હતા. ટોળાએ આક્ષેપ કર્યો હતો કે, આ જમીન ગામની છે. ગામના આગેવાનોને પૂછ્યા વિના તમે લેવલિંગ શા માટે કરો છો? જો કે, પ્રફુલ કાથરોટીયાએ જણાવ્યું હતું કે, આ જમીન ભારતીબેન રાજેશ ગજેરાની માલિકીની છે, જે તેમના સગાં થાય છે અને તેમની પાસે જમીનના સંપૂર્ણ દસ્તાવેજ છે. વાતચીત વધુ વણસતાં ટોળાએ ગાળાગાળી અને ઝપાઝપી કરી હતી. આક્ષેપ મુજબ ટોળાએ પ્રફુલ કાથરોટીયાની કાર પર પથ્થરમારો કરી ગાડીના કાચ તોડી નાંખ્યા હતા. તેમના મિત્ર હસમુખ સવજીનો મોબાઇલ ટોળામાંથી કોઈએ છીનવી લીધો હતો અને તેમની ગાડીને પણ નુકસાન પહોંચાડ્યું હતું. પ્રફુલ કાથરોટીયા કોઈક રીતે પથ્થરમારાથી બચીને ભાગી છૂટ્યા હતા અને ત્યારબાદ વાલિયા પોલીસ મથકને જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં વાલિયા પોલીસ મથકનો સ્ટાફ બે સરકારી ગાડી અને ચાર ખાનગી વાહનોમાં ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસ ટીમને જોઈને ટોળાએ વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં પોલીસ પર પણ પથ્થરમારો કર્યો હતો. આ પથ્થરમારામાં 4 પોલીસ જવાનને નાની-મોટી ઇજા પહોંચી હતી. તદુપરાંત જમીનમાલિકની ગાડી, પોલીસની સરકારી ગાડી સહિત અન્ય ચારેય ખાનગી વાહનોને પણ નુકસાન પહોંચ્યું હતું.

આ બનાવ અંગે વાલિયા પોલીસે જમીનમાલિક પ્રફુલ કાથરોટીયાની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે. જો કે, હજુ સુધી કાયદેસર કાર્યવાહી ન થતાં ખેડૂત ઉપર જોખમ ઊભું થયું હોવાનું જણાવાયું છે. આગામી ખેતી ખેડવા માટે ખેડૂતે ભરૂચ જિલ્લા પોલીસ વડાને લેખિતમાં સંરક્ષણ આપવા અરજી કરી છે અને સંરક્ષણ માટે થતો ખર્ચ પણ ભરવા પોતે તૈયાર હોવાનું જણાવ્યું છે.

કાયદેસર કાર્યવાહી કરાશે: પીઆઈ ચૌધરી

આ મામલે વાલિયાના PI આર.બી.ચૌધરીએ જણાવ્યું હતું કે, અમે હાલ અરજીના સંદર્ભે તપાસ કરી રહ્યા છીએ. સીસીટીવી કેમેરાનાં ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે નામજોગ ફરિયાદમાં જે નામો છે તેની ધરપકડ કરી તપાસ કર્યા બાદ કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

ઘૂસણખોરોને દેશની બહાર કાઢવા સરકાર મક્કમ

ગાંધીનગરમાં રૂ. ૩૪૦ કરોડનાં ૮૪ વિકાસ કાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા અમિત શાહ

ગાંધીનગર, તા. 28: કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહની અધ્યક્ષતામાં તથા સીએમ ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગર જિલ્લાના સોનીપુર ગામ ખાતે તળાવના ખાતમુહૂર્ત સાથે કલોલ અને ગાંધીનગર ઉત્તર વિધાનસભા વિસ્તારમાં રૂ. ૩૪૦ કરોડના ૮૪ વિવિધ વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ પૂર્વે બંને મહાનુભાવોએ વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે અમિત શાહે જણાવ્યું હતું કે રાજ્યના દરેક ગામોમાં શાળા, આરોગ્ય, સ્વચ્છતા, પીવાનું પાણી, બગીચા અને તળાવો જેવી સુવિધાઓ સાથે યુવાનોમાં વાંચનની ટેવ વિકસે તે માટે લાઈબ્રેરીઓનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. શાહે વધુમાં જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઘૂસણખોરોને દેશની બહાર કાઢવા માટે સરકાર મક્કમ છે. બાંગ્લાદેશ સરહદે ફેન્સિંગનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે અને ડિટેન્શન સેન્ટરોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં "ડેમોગ્રાફિક ચેન્જ કમિશન" બનાવવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. સીએમ ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે ગાંધીનગર સંસદીય મતવિસ્તારને દેશનો સૌથી વિકસિત વિસ્તાર બનાવવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું હતું કે ગાંધીનગરને "હરિયાળી લોકસભા" બનાવવા માટે ૧ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો

નાગરિકોએ કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી : પ્રફુલ્લ પાનશેરિયા

અમદાવાદ : અમદાવાદ સિવિલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં દાખલ કરાયેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો ટેસ્ટ રિપોર્ટ નેગેટિવ આવ્યો હોવાનું રાજ્યના આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ્લ પાનશેરિયાએ ગુરુવારે જાહેર કર્યું હતું.

પ્રફુલ્લ પાનશેરિયાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, "કોંગોથી ફેલાતા સંક્રમિત ઈબોલા વાયરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. નાગરિકોએ કોઈપણ પ્રકારનો ભય કે ગભરાટ રાખવાની જરૂર નથી અને અફવાઓથી દૂર રહી આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર જ વિશ્વાસ રાખવો. 37 વર્ષીય એક વેપારી અમુરી લોકુલા થોડા દિવસ પહેલાં કોંગોથી મુંબઈ આવ્યો હતો અને ત્યારબાદ વડોદરા પહોંચ્યો હતો. ત્યા તેને ઈબોલા આઈસોલેશન સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો.

ગુજરાતની વધુ 6 મનપામાં નવા મેયર સહિત હોદ્દેદારોની વરણી

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો બાદ લગભગ એક મહિનાના ઈન્તઝાર પછી ભાજપ દ્વારા વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોનાં નામ જાહેર કરવામાં આવ્યાં

ગાંધીનગર : ગુજરાતની વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોની વરણીની પ્રક્રિયા શરૂ થતાં અનેક શહેરોને નવા મેયર અને પદાધિકારીઓ મળ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામો બાદ લગભગ એક મહિનાના ઈન્તઝાર પછી ભાજપ દ્વારા વિવિધ મહાનગરપાલિકાઓમાં નવા હોદ્દેદારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. જ્ઞાતિ સમીકરણો અને વહીવટી કુશળતાને ધ્યાનમાં રાખીને આ નિમણૂંકો કરવામાં આવી હોવાનું માનવામાં આવી રહ્યું છે. આજે બીજા તબક્કામાં વડોદરા, રાજકોટ, સુરેન્દ્રનગર, આણંદ અને ભાવનગર મહાનગરપાલિકાના હોદ્દેદારોના નામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી.

મનપા	મેયર	ડે.મેયર	સ્ટેન્ડિંગ ચેરમેન	શાશક પક્ષના નેતા	દંડક
વડોદરા	ગીતા મકવાણા	આદિત્ય પટેલ	વર્ષા વ્યાસ	શ્વેતા માછી	વિજય ચૌહાણ
રાજકોટ	ડો. નેહલ શુક્લ	દક્ષા વસાણી	પરેશ પીપળીયા	હિરેન કે. ખીમાણીયા	સંજયસિંહ રાણા
સુરેન્દ્રનગર	રાકેશ રાઠોડ	સ્મિતા રાવલ	નિખિલ ચાપાનેરી	પીન્ટુ અસાણિયા	સ્વાતિ માંડલિયા
આણંદ	દીપિકા પટેલ	કમલેશ ડાભી	મયુર સુથાર	---	---
ભાવનગર	ઉષા તલરેજા	અશોક બારૈયા	કિશન મહેતા	લાલભા વાળા	રિકુ માંગુકિયા

એમેઝોન પર ધંધાના નામે ડિંડોલીની મહિલા સાથે ૨૮ લાખની ઠગાઈ

વરાછાના ઠગે ૨૪ દિવસમાં રોકાણ કરેલી રકમ નફા સાથે પરત આપવાની લાલચ આપી ભાગીદાર બનાવી હતી

સુરતઃ એમેઝોન કંપની પર બાળકોના સ્ટડી ટેબલ વેચવાના ધંધામાં રોકાણ કરાવી માત્ર ૨૪ દિવસમાં નફા સાથે રકમ પરત આપવાની લાલચ આપી વરાછાના ગઠિયાએ મહિલા પાસેથી રૂપિયા ૨૮ લાખથી વધુની રકમ પડાવી લીધી છે. આ મામલે ભોગ બનનાર મહિલાએ આખરે ડિંડોલી પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ડિંડોલીના કરાડવા રોડ ઉપર આવેલી બજરંગનગર સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય અર્ચનાબેન વિશ્વનાથસિંગ ભદોરિયા પ્રોપર્ટી લે-વેચના વ્યવસાય સાથે સંકળાયેલા છે. વરાછાના હીરાબાગ વિસ્તારમાં રહેતા દક્ષેશભાઈ દીપકભાઈ બેલડિયા નામના શખ્સે તેમનો સંપર્ક કર્યો હતો. તેણે તે એમેઝોન પર બાળકોના સ્ટડી ટેબલ વેચવાનો ઓનલાઈન બિઝનેસ કરતો હોવાનું કહ્યું હતું. તેણે અર્ચનાબેનને ઓફર આપી હતી કે, 'તમે માત્ર સ્લીપિંગ પાર્ટનર તરીકે ધંધામાં મૂડી રોકો. માલ ખરીદવાથી લઈને પેકિંગ અને એમેઝોન પર વેચાણ સુધીની તમામ જવાબદારી મારી રહેશે.' એમેઝોનના નિયમ મુજબ ૨૪ દિવસમાં જ મુદ્દલ અને નફો ખાતામાં જમા થઈ જશે. જેથી અર્ચનાબેને એપ્રિલ-૨૦૨૩થી જૂન-૨૦૨૩ દરમિયાન તેમના અલગ-અલગ બેંક ખાતા, ક્રેડિટ કાર્ડ તેમજ રોકડ સ્વરૂપે ટુકડે-ટુકડે કરી કુલ રૂપિયા ૩૧,૦૩,૧૭૬નું રોકાણ કર્યું હતું. ત્યારબાદ આરોપીએ નાણા ચૂકવવામાં ગલ્લાતલ્લા શરુ કર્યા હતાં.

લાંબી ઉઘરાણી બાદ આરોપીએ નફા અને રોકાણના ભાગરૂપે માત્ર રૂપિયા ૩ લાખ પરત આપ્યા હતા. બાકી નીકળતા રૂપિયા ૨૮,૦૩,૧૭૯ની માંગણી કરાતા આરોપીએ વાયદાઓ આપવાનું શરૂ કર્યું હતું.અ ત્યારબાદ તેણે ફોન ઊંચકવાનું બંધ કરી દેતા ર્ચનાબેને પોલીસ ફરિયાદ કરી હતી.

સુડોકુ - 'કૂટ'

૧	૫	૭	૮		૪	૯	૨	
૪		૬				૫		
૮	૩	૨	૬					૭
૨	૪	૮		૯	૫	૬	૭	
૩		૫	૪	૬	૭		૯	૨
૭			૧		૮			૫
	૮	૧				૩	૫	૯
						૭	૧	
	૭	૪	૯		૩	૨	૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૬	૯	૬	૮	૭	૨	૧	૩
૨	૮	૭	૬	૧	૩	૯	૫	૪
૭	૩	૧	૮	૯	૨	૬	૪	૫
૩	૭	૨	૯	૬	૧	૮	૬	૭
૬	૯	૪	૭	૨	૮	૧	૩	૬
૮	૧	૫	૩	૭	૬	૫	૨	૯
૧	૫	૬	૭	૩	૯	૨	૮	૨
૯	૨	૩	૨	૬	૨	૩	૭	૧
૩	૨	૭	૧	૬	૩	૯	૬	૮

સુડોકુ-ઉત્તર કી

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

મરડામા લોહી પડવું

લોહી ના ઝાડા ગંભીર બીના છે. ગુલદાઉદિ (સેવતી, Chrysanthemum) શિયાળે ખૂબ થાય છે. ફૂલ સૂકવી ચૂર્ણ ભરી રાખો. એક ચમચી તાજા મોળા દહી સાથે દર બે કલાકે આપી શકે.

ગોળીબાર કરનાર નિવૃત્ત DYSPની ધરપકડ

અશોકસિંહ ચૌહાણની પુત્રી અને પુત્રને પણ એરેસ્ટ કરી લેવાયાં

અમદાવાદ : અમદાવાદ શહેરના પોશ વિસ્તાર નહેરૂનગર ઝાંસીની રાણીના પુતળા નજીક આવેલા એક વિવાદિત પ્લોટને લઈને ગઈકાલે નિવૃત્ત ડીવાયએપી અશોકસિંહ ચૌહાણ દ્વારા જાહેરમાં પાંચ રાઉન્ડ ગોળીબાર કરવામાં આવ્યા હતા. આ મામલે સેટેલાઈટ પોલીસે ગુનો દાખલ કરી નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ, તેમના પુત્ર અને પુત્રીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાબી હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરના નહેરુનગર વિસ્તારમાં આવેલા વિવાદિત પ્લોટ પર ગઈકાલે બંને પક્ષોના પાંચથી છ લોકો સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણ સર્જાયું હતું. વિવાદ વધુ ઉગ્ર બનતા નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણે પોતાની લાયસન્સવાળી પિસ્તોલ કાઢી બે રાઉન્ડ જમીનમાં અને ત્રણ રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું.

સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ કે ગંભીર ઈજા થવા પામી નહતી. અમદાવાદ શહેરના એન ડિવિઝનના એસીપી એસ.એમ. પટેલે જણાવ્યું હતું કે નેહરુનગર પાસેની એક જમીનને મામલે નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણએ કરેલા ગોળીબાર મામલે અમિત પટેલ અને તેના ભાગીદારો દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

આ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે નેહરુનગર પાસેની ખુલ્લી જગ્યાનો ભોગવટો હાલમાં નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ પાસે હોવાથી હિતેશભાઈ અને તેમના ભાગીદારો દ્વારા આ જગ્યા ઉપર સમજૂતી કરાર કરી અશોકસિંહ પાસેથી ભાડે લીદી હતી. આ જગ્યા ઉપર કાચા કામનું બાંધકામ કરી સ્ટોલ ઉભા કરવાના હતા. આ કામગીરી જ્યારે કરવામાં આવી રહી હતી, ત્યારે અમદાવાદ મનપા દ્વારા આ બાંધકામને અટકાવવામાં આવ્યું હતું. આથી હિતેશભાઈ અને તેમના ભાગીદારોએ અશોકસિંહ ચૌહાણ પાસે જમીનને લગતા જરૂરી આધાર પુરાવા માંગ્યા હતા.

પરંતુ નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણએ આ જમીનને લગતા જરૂરી આધાર પુરાવા આપ્યા ન હતા. આથી આ બંને વચ્ચે વિખવાદ થયો હતો. હિતેશભાઈ અને તેમના ભાગીદારો અશોકસિંહ પાસે ડિપોઝિટની રકમ પરત મેળવવા, તેમજ સ્ટોલનો ખર્ચો આપવા માંગણી કરી હતી.

આ મામલે બંને જૂથના લોકો વચ્ચે બોલાચાલી થઈ હતી. જેમાં અશોકસિંહ ચૌહાણએ પાંચ રાઉન્ડ ગોળીબાર કર્યા હતા. આ સમગ્ર ઘટના અંગે પોલીસે નિવૃત ડીવાયએસપી અશોકસિંહ ચૌહાણ તેમના પુત્ર સિદ્ધાર્થ સિંહ અને પુત્રી ખ્યાતિની ધરપકડ કરી જે હથિયાર વડે ગોળીબાર થયો હતો તે હથિયાર જપ્ત કરી આગળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધરપકડ થતાં નિવૃત્ત ડીવાયએસપી અશોકસિંહે હોબાળો મચાવ્યો

પોલીસ જ્યારે અશોકસિંહ ચૌહાણ, તેમનાઋ પુત્ર અને પુત્રીને મીડિયા સમક્ષથી જેલ તરફ લઈ જઈ રહી હતી ત્યારે અશોકસિંહ ચૌહાણે પોલીસ તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે બૂમો પાડી કહ્યું હતું કે, મારે ઘણું બોલવું છે, પરંતુ પોલીસ મને બોલવા દેતી નથી. નિવૃત્ત ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા મીડિયાની હાજરીમાં આ પ્રકારના નિવેદનો કરવામાં આવતા ઘટનાસ્થળે દોડધામ મચી ગઈ હતી. સ્થિતિ વધુ વણસે તે પહેલાં પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી રીતે લોકઅપમાં મોકલી દીધા હતા.

આજનું પંચાંગ

તા.29/05/2026, શુક્રવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: સુદ: તેરસ: 09:52 પછી ચૌદસ
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 08
યોગ : પરિઘ **કરણ:** ગર
નક્ષત્ર : સ્વાતિ 10:39 પછી વિશાખા
રાશિ: તુલા (ર.ત.)
દિવસ : અશુભ : બુધ મિથુનમ